
# ૪. શ્રી મહાવીર કુંદકુંદ દિગંબર જૈન પરમાગમ મંદિર (વિ.સં ૨૦૩૦) ઈ.સ. ૧૯૭૪



ભગવાન શ્રી મહાવીરસ્વામી



આચાર્ય શ્રી કુંદકુંદસ્વામી




શ્રી મહાવીર કુંદકુંદ દિગંબર જૈન પરમાગમ મંદિર

જે જ્ઞાન સાથે આનંદ ન આવે તે જ્ઞાન જ નથી, પણ અજ્ઞાન છે.

# શ્રી મહાવીર કુંદકુંદ દિગંબર જૈન પરમાગમ મંદિર



શ્રી પરમાગમ મંદિર પ્રવચન હોલ

પ્રવર્તમાન તીર્થના નાયક શ્રી મહાવીર પ્રભુના ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવના વર્ષમાં, વિ.સં. ૨૦૩૦ ફાગણ સુદ ૧૩, તા. ૭-૩-૧૯૭૪, ના દિને આ અદ્વિતીય અતિ મનોરમ ભવ્ય મંદિરની પંચકલ્યાણક પુરઃસર પ્રતિષ્ઠા થઈ હતી. ઉપરની વેદિમાં ૧૦૦૮ પરમ પૂજ્ય શ્રી મહાવીર ભગવાનના ગુલાબી આરસના (૫'x૧૧'') વિશાળકાય પદ્માસનસ્થ વીતરાગભાવવાહી અતિ ભવ્ય જિનબિંબ બિરાજમાન છે. નીચે સમયસાર આદિ અધ્યાત્મ શાસ્ત્રના પ્રણેતા શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ, ટીકાકાર શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ તથા મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારી- દેવનાં ભવ્ય તેમ જ વિશાળ ચિત્રપટ છે. પરમાગમ મંદિરની દિવાલોમાં શ્રી સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાયસંગ્રહ તથા નિયમસાર - આ ચાર શાસ્ત્ર મૂળ ગાથા તથા ટીકા સહિત અને અષ્ટપાહુડ શાસ્ત્ર (મૂળ ગાથાઓ) મશીન વડે આરસના શ્વેત શિલાપટ પર ઉત્કીર્ણ કરાવીને લગાવવામાં આવ્યાં છે.

દરેક દ્વાર તથા બારી ઉપર સંગેમરમરમાં ઉત્કીર્ણ, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેને પુરાણોમાંથી વીણેલા, કેટલાક તીર્થંકરોના વૈરાગ્ય તેમ જ દીક્ષા વગેરેના પુરૂષાર્થપ્રેરક ભવ્ય પ્રસંગો તથા તીર્થક્ષેત્રોનાં અતિ મનોહર ચિત્રો દર્શકવૃંદનાં હૃદય હરી લે છે. મનોરમ ચિત્રો દ્વારા પરમાગમ મંદિરની શોભા ખૂબ ખીલી ઊઠી છે.

અહો ! જાણે કે ભગવાનનાં સમવસરણમાં બેઠા હોઈએ ને તેમની દિવ્ય ધ્વનિનાં પડઘા અહીં પરમાગમ મંદિરમાં ચારેકોર સંભળાઈ રહ્યા હોય એવી મધુરી રચના પરમાગમ મંદિરની થઈ છે. એકવાર આવીને શાંતિથી તમે પરમાગમ મંદિરમાં પ્રભુ સન્મુખ બેસીને અનુભવ કરશો ત્યારે જ તેની વિશેષતાનો સાચો ખ્યાલ આવશે, જેમ ચૈતન્ય શાંતિની ગંભીરતાનો અનુભવ તેમાં પ્રવેશ્યા પછી જ આવે છે તેમ.